ગરવી
ચરોતરભૂમિ
તાલુકા, જિલ્લામાં
પત્રકારોની નિમણૂક
કરવાની હોઈ પોતાના
બાયોડેટા સાથે રૂબરૂ
સંપર્ક કરો...

આપના વિસ્તારના
સમાચાર તથા જાહેરાત માટે
સંપર્ક કરો
મો. ૮૪૬૦૦૦૦૧૨૫

# ગરવી ચરોતર ભૂમિ

PRGI NO. GJGU/26/A3119

સાપ્તાહિક

આજનો સુવિચાર

"કોઈની સલાહથી રસ્તો જરૂર મળી જાય છે, સાહેબ પણ મંજિલ પોતાની મહેનતથી જ મળે છે.!!"

પ્રકાશક-માલિક-તંત્રી : વનરાજસિંહ નટવરસિંહ દરબાર - મો. : ૮૪૬૦૦ ૦૦૧૨૫ / ૯૯૦૪૯ ૨૨૪૧૪ / E-mail : darbarvanraj6@gmail. com


# ટ્રસ્ટીશ્રી દ્વારા પ્લેસમેન્ટની ઉત્કૃષ્ટ કામગીરી બદલ કોલેજના સ્ટાફનું સન્માન

**ગરવી ચરોતર ભૂમિ**

વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત પ્રયત્નશીલ રહેનાર અમારી કોલેજના પ્લેસમેન્ટ સેલની નોંધપાત્ર કામગીરીને બિરદાવવા ટ્રસ્ટીશ્રી દ્વારા વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના ઈન્ચાર્જ પ્રાચાર્યા ડૉ. નયનાબેન શુક્લા, પ્લેસમેન્ટ સંકલન અને વિદ્યાર્થી વિકાસ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપનાર ડૉ. દિપીકાબેન ચૌધરી શૈક્ષણિક અને પ્લેસમેન્ટ પ્રવૃત્તિઓને સફળ બનાવવા સતત કાર્યરત ડૉ. કાર્મેંદુ ઠાકર, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને કારકિર્દી











માર્ગદર્શન માટે સમર્પિત ડૉ. રોશની દેસાઈ તેમજ પ્લેસમેન્ટ પ્રક્રિયાના અસરકારક આયોજનમાં મહત્વની ભૂમિકા ભજવનાર શ્રી અક્ષય ઠાકોરનું ટ્રસ્ટીશ્રીએ સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યું.

ટ્રસ્ટીશ્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે કોલેજની પ્લેસમેન્ટ પ્રવૃત્તિઓ માત્ર વિદ્યાર્થીઓને રોજગારની તક ઉપલબ્ધ કરાવતી નથી. પરંતુ તેમને આત્મવિશ્વાસ, વ્યાવસાયિક કુશળતા અને ઉજ્જવળ કારકિર્દી તરફ આગળ વધવા માટે મજબૂત પાયો પણ પૂરો પાડે છે.

સ્ટાફની નિષ્ઠા, ટીમવર્ક અને સતત પ્રયત્નોના પરિણામે કોલેજની પ્રતિષ્ઠામાં નોંધપાત્ર વધારો થયો છે.

સન્માનિત સ્ટાફ સભ્યોએ આ સન્માન માટે ટ્રસ્ટીશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે તેઓ ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પ્લેસમેન્ટની તકો ઉપલબ્ધ કરાવવા માટે સમાન ઉત્સાહ અને પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરતા રહેશે.

કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ સન્માનિત સ્ટાફને અભિનંદન પાઠવ્યા અને કોલેજના પ્લેસમેન્ટ સેલને વધુ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે કોલેજ પરિવાર માટે ગૌરવ અને પ્રેરણાનો માહોલ સર્જાયો.